મુખ્યમંત્રીનો કોરોના પ્રભાવિત જિલ્લા-નગરો સાથે વિડીયો સંવાદ ઉપક્રમ

# રાજકોટ-ભાવનગરના સાંસદો-ધારાસભ્યો સાથે વિડીયો કોન્ફરન્સ યોજતા મુખ્યમંત્રી

**ઉદ્યોગોના સંકુલમાં જ કામદારો-શ્રમિકોને રહેવા-જમવાની વ્યવસ્થા હોય તેવી રાજ્ય સરકારની સૂચનાઓનું પાલન થાય તે જોવા મુખ્યમંત્રીની તાકીદ : રાજ્ય સરકારના આરોગ્ય-પોલીસ સહિતના વિભાગોની સમયસરની કામગીરી-ગરીબો-મધ્યમવર્ગીય પરિવારોને મફત અનાજ વિતરણ યોજનાની સફળતાની પ્રશંસા કરતા જનપ્રતિનિધિઓ**





ગાંધીનગર, તા. ૨૦

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યમાં કોરોનાથી વધુ પ્રભાવિત જિલ્લાઓ અને મહાનગરોના પ્રજાકીય પ્રતિનિધિઓ સાથે વિડિયો કોન્ફરન્સ સંવાદના શરૂ કરેલા ઉપક્રમમાં આજે તેમણે મુખ્યમંત્રી નિવાસસ્થાનેથી ભાવનગર અને રાજકોટના સાંસદો અને ધારાસભ્યો સાથે વિડિયો કોન્ફરન્સ માધ્યમથી વાતચીત કરી સ્થાનિક સ્તરેથી આ જનપ્રતિનિધિઓના ફીડબેક મેળવ્યા હતા અને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

વિજયભાઈ રૂપાણીએ ખાસ કરીને નગરપાલિકા/મહાનગરપાલિકા વિસ્તાર સિવાયના વિસ્તારોમાં ઉદ્યોગ એકમો શરૂ થઈ રહ્યા છે ત્યારે ત્યાં પણ social distancing નોર્મસ જળવાય એટલું જ નહિ, કામદારો-શ્રમિકો માટે કામકાજના સ્થળે એટલે કે ઉદ્યોગ એકમમાં જ રહેવા જમવા વગેરેની વ્યવસ્થા રહે તેવી જે સૂચનાઓ રાજ્ય સરકારે આપી છે તેનું પાલન થાય તે જોવા જનપ્રતિનિધિઓને તાકીદ કરી હતી. ખાસ કરીને વેરાવળ, શાપર, હડમતાલા, પડાળા અને અલંગના ઉદ્યોગો શરૂ થઈ રહ્યા છે તેમાં આ કાળજી લેવાય તે માટે તેમણે ખાસ ભાર મૂક્યો હતો.

ભાજપા પ્રદેશ અધ્યક્ષ અને વિધાયક જીતુભાઈ વાઘાણી, રાજયમંત્રી શ્રીમતી વિભાવરીબહેન દવે, સાંસદ મોહનભાઈ કુંડારિયા, ભારતીબહેન શિયાળ, રમેશભાઈ ધડુક અને ધારાસભ્યો ગોવિંદભાઈ પટેલ, અરવિંદભાઈ રૈયાણી, લાખાભાઈ વગેરે પોત પોતાના ક્ષેત્રોમાંથી આ વીડિયો કોન્ફરન્સમાં જોડાયા હતા અને મુખ્યમંત્રીને પોતાના વિસ્તારોની કોરોના પ્રભાવિત સ્થિતિ તેમજ રાજ્ય સરકારના લેવાઈ રહેલા પગલાઓથી અવગત કર્યા હતા.

આ લોક પ્રતિનિધિઓએ રાજ્ય સરકારના આરોગ્ય અને પોલીસ સહિતના વિભાગોની સમયસરની કામગીરીની તેમજ રાજ્ય સરકારે ગરીબો, મધ્યમવર્ગીય પરિવારો માટે કરેલા મફત અનાજ વિતરણ આયોજન વગેરેની પ્રસંશા પણ કરી હતી.

## સમગ્ર ગુજરાતમાં આરોગ્ય સેતુ એપ ડાઉન લોડ કરવામાં ગાંધીનગર જિલ્લો છઠ્ઠા ક્રમે

**૧,૩૯,૩૬૯ ગાંધીનગર જિલ્લા વાસીઓએ આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરી પોતાની જાતને સુરક્ષિત બનાવી**

ગાંધીનગર,તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં આરોગ્ય સેતું એપ ડાઉન લોડ કરવામાં રાજયમાં ૬ ક્રમે છે. ગાંધીનગર જિલ્લામાં કુલ- ૧,૩૯,૩૬૯ લોકોએ આરોગ્ય સેતું એપ ડાઉન લોડ કરી છે. ૩,૨૯૬ લોકોએ જાતે આ એપ પર પોતાનું પરીક્ષણ કર્યું છે.

દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ તા. ૩ મે, ૨૦૨૦ સુધી લોક ડાઉનની સમયમર્યાદા વધારવાની જાહેરાત કરી છે. તે સાથે દેશના નાગરિકોને કોરોના વાયરસ એટલે કે કોવિડ-૧૯ ના સંક્રમણથી બચવા આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરવા માટે ભલામણ કરી હતી.




કેન્દ્ર સરકારના આરોગ્ય વિભાગ દ્વારા ૨ એપ્રિલના રોજ આરોગ્ય સેતુ નામની એપ શરૂ કરવામાં આવી છે. દેશની ૧૧ ભાષાઓમાં ઉપલબ્ધ આરોગ્ય સેતુ એપમાં કોરોના સબંધીત COVID-19ના સંક્રમણને લગતા જોખમો અને તેનુ સચોટ વિવરણ. તમારા લોકેશન અને સામાજિક ગ્રાફની મદદથી તમે કોરોના સંક્રમિત વ્યક્તિના સંપર્કમાં આવ્યા છો કે કેમ ? તેવી તમામ માહિતીના આરોગ્ય સેતુ એપમાં સમાવેશ કરાયો છે રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પણ આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરી રોગના સંક્રમણથી બચવા સહકાર માંગ્યો હતો જેનો સારો એવો પ્રતિસાદ મળ્યો છે.

રાજયમાં તા.૧૮મી એપ્રિલ, ૨૦૨૦ સુધીમાં આરોગ્ય સેતુ એપ ડાઉન લોડ કરવામાં અમદાવાદ જિલ્લો અગ્રેસર છે. આ એપ અમદાવાદ જિલ્લામાં ૮,૩૯,૫૭૦, સુરત જિલ્લામાં ૭,૧૪,૯૧૭, વડોદરા જિલ્લામાં ૩,૪૨,૯૫૦, રાજકોટ જિલ્લામાં ૨,૧૮,૭૩૯, કચ્છ જિલ્લામાં ૧,૫૪,૫૮૮ લોકોએ આ એપને ડાઉન લોડ કરી છે. ગાંધીનગર જિલ્લામાં આ એપ ૧,૩૯,૩૬૯ લોકોએ ડાઉન લોડ કરી છે. સમગ્ર ઉત્તર ગુજરાતમાં મહેસાણા, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લા કરતાં ગાંધીનગર જિલ્લો આ એપ ડાઉન લોડ કરવામાં અગ્રેસર છે.

## ધોરણ-૧૦ની પરીક્ષાની જવાબવહીનું મૂલ્યાંકન કરતા શિક્ષકોની તબીબી તપાસ કરાઈ





ગાંધીનગર,તા. ૨૦

કોરોનાનું સંક્રમણ વધતુ અટકાવવા સાવચેતીના ભાગ રૂપે જિલ્લા પ્રશાસન દ્વારા વિવિધ પ્રકારના પગલા લેવામાં આવી રહ્યા છે. લોકોના સ્વાસ્થ્યની સુરક્ષા માટે કાર્યરત આરોગ્ય વિભાગના કર્મીઓ ઉપરાંત લોકડાઉનના બંદોબસ્તમાં કાર્યરત પોલીસ જવાનોના સ્વાસ્થ્યની ચકાસણી કરાય છે.

પરંતુ ધોરણ ૧૦ની પરીક્ષાની જવાબવહીનું મૂલ્યાંકન કરતા શિક્ષકોના સ્વાસ્થ્યની ચકાસણી પણ આજે કરવામાં આવી હતી.

પૂર્વ વિસ્તારના પ્રાંત અધિકારી શ્રીમતી અનસુયા જહાએ જણાવ્યું હતું કે, સામાન્ય રીતે વિવિધ વિસ્તારમાં લોકોની સ્વાસ્થ્યની ચકાસણી હાથ ધરાય છે, પરંતુ પરીક્ષાના પેપરો તપાસતા શિક્ષકો પણ જવાબવહી ચકાસણી માટે કાર્યરત છે ત્યારે તેમના સ્વાસ્થ્યની ચકાસણી પણ એટલી જ જરૂરી હોઈ તેમની મેડિકલ તપાસ કરવામાં આવી હતી.

## ગાંધીનગર જાયન્ટ્સ ગૃપ દ્વારા સેવાકાર્ય



ગાંધીનગર,તા. ૨૦

વર્ષ ૧૯૭૨માં સૌપ્રથમ મુંબઈમાં સ્થપાયેલ જાયન્ટ્સ ઈન્ટરનેશનલ જ એક ઈન્ડિયા બેજ સંસ્થા છે જે જુદી અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરે છે. જાયન્ટ્સ વેલફેર ફાઉન્ડેશન મુંબઈ હસ્તકની ગાંધીનગરની સંસ્થા એ શહેરના જુદા જુદા સેકટરોની ઝૂંપડપટ્ટીમાં રહેનારા જરૂરીયાતમંદ શ્રમિક પરિવારોને રુબરુ જઈ બિસ્કીટ તથા નાસ્તાના પેકેટનું વિતરણનું કાર્ય કર્યું હતું.

આ કાર્યમાં જાયન્ટ્સ ગૃપ ઓફ ગાંધીનગર મેઈનના કર્મઠ પ્રમુખ વિકેશભાઈ પટેલની સાથે જાયન્ટ્સ વેલફેર ફાઉન્ડેશન ૩-સીના બ્રાન્ચ પ્રમુખ બી.એમ. પટેલ ઉપપ્રમુખ સાંકાભાઈ પટેલ તથા ખજાનચી વસંતભાઈ પટેલે સરકારી સૂચનાઓના ચૂસ્ત પાલનની સાથે હાજરી આપી હતી.

## 'આપણા માટે તો સૌ કરીએ છે, બીજાઓ માટે કંઈક કરીએ તો જીવ્યા કહેવાય...'

ગાંધીનગર,તા. ૨૦

ગાંધીનગરનાં સેવાભાવી મહિલા મીતાબેન ત્રિવેદીના આ શબ્દો ઘણું ખરું કહી જાય છે. તેમણે કોરોના જેવી બીમારી થી બચવા 'માસ્ક' બનાવવા કાપડ આપ્યું . ત્યારબાદ હાલના ગરમીના તાપ થી બચવા ટોપીઓ પણ વિતરણ કરી છે. થોડા સમય પહેલા જ નાના બાળકો માટે પેન્ટ અને ચાદર તરીકે ઉપયોગી થાય તેવું કાપડ આપ્યું, સાથે ટીશર્ટ પણ આપ્યા. મીતાબેન આ તમામ વસ્તુઓ અને કાપડ કોર્પોરેટર હર્શાબા ધાંધલ ને આપે છે અને હર્ષાબા પોતે માસ્ક, તેમજ નાના બાળકોને જરૂરી હોય તેવી વસ્તુઓ ઘરે બનાવી ગરીબ




બાળકોને અને મજૂર વર્ગને આપે છે. મીતાબેન ત્રિવેદી મુળ પાટણ નાં અને ૩૦ વર્ષથી ગાંધીનગરમાં રહે છે. તેઓ એલ આઈ સી સેક્ટર-૧૧ માં ફરજ બજાવે છે, હાલ સેક્ટર -૨૩, વિરાટનગર સોસાયટી માં રહે છે. પતિ સુબોધભાઈ ત્રિવેદી પણ એલ આઈ સી માંથી જ નિવૃત્ત થયાં છે. દીકરો પૂજન ત્રિવેદી એક આંતર રાષ્ટ્રીય કંપનીમાં બિઝનેસ જોબ કરે છે. પરિવારની જવબદારી સંપૂર્ણ પણે નિભાવ્યા બાદ હવે સમાજ માટે કઈક કરી છૂટવાની મનમાં લાગણી જાગી છે. આજીવન પરિવાર , સગાં વહાલાં, સ્નેહીઓ સાથે તેમના માટે સમય વિતાવ્યો. હવે સમાજ સેવા માટે કઈક કરવુ છે. જેના ભાગરૂપે મદદરૂપ થવાનો પ્રયાસ છે. આગામી સમયમાં પણ સેવાકાર્ય કરવા તેઓ તૈયાર છે.

## નાંદોલના યુવાનોનો સોશ્યલ મિડીયા થકી જનજાગૃતિનો પ્રયાસ





ગાંધીનગર,તા. ૨૦

કોરોના વાયરસ સંક્રમણને અટકાવવા માટે લાગુ પાડવામાં આવેલા લૉકડાઉનમાં નાગરિકો માટે સમય પસાર કરવા સોશિયલ મીડિયા ખૂબ જ હાથ વધુ અને પસંદગીનું સાધન બની રહ્યું છે. ગાંધીનગર જિલ્લાના નાંદોલ ગામના યુવાનોએ આ સોશિયલ મીડિયાનો ઉપયોગ જનજાગૃતિ ફેલાવવા માટે કર્યું છે અને દરેક યુવાનોએ પોતપોતાના ઘરે રહી અને દરેકે પોતાની તસવીર લઈ તેના આધારે જનજાગૃતિના વિવિધ સંદેશા તૈયાર કર્યા છે જેને સોશિયલ મીડિયા થકી વાયરલ કરીને અન્ય નાગરિકોને પણ લૉકડાઉનના નિયમોનું પાલન કરવા સમજાવવા ઉપયોગમાં લેવામાં આવી રહ્યાં છે.

## ઓનલાઈન ફિલ્મ અપ્રિસીએશન ક્લાસથી ફિલ્મ સમજતા થયા

લોકડાઉનમાં ઓનલાઈન થિયેટર સ્કૂલ ની ૩ સીજન પૂર્ણ કર્યા બાદ ''ધ અર્થિંગ ગ્રુપ'' દ્વારા સિનેમા ની દુનિયા માં એક નવો પ્રયાસ કરાયો. સિનેરસિકો માટે ''ધ અર્થિંગ ગ્રુપ'' લઈને આવ્યું છે ફિલ્મ અપ્રિસીએશન ક્લાસ.




ફિલ્મ ક્ષેત્રે આગળ વધવા માટે ફિલ્મ માત્ર મનોરંજન માટે જ નહીં પરંતુ તેના વિવિધ પાસાઓને જોતાં અને સમજતા શીખવું જરૂરી છે. 'ધ અર્થિંગ ગ્રુપ'ના ફાઉન્ડર પ્રફુલ પંચાલ અને કો-ફાઉન્ડર ચિરાગ પારેખ નું કહેવું છે કે જો તમારે ફિલ્મ ક્ષેત્ર માં આગળ જવું છે તો સૌપ્રથમ ફિલ્મને જોતાં અને સમજતા શીખો અને સાથે ફિલ્મ ની બેઝિક માહિતી જાણવી ખૂબ જ જરૂરી છે. ફિલ્મ અપ્રિસીએશન ક્લાસ ના પહેલા દિવસે ફાઉન્ડર પ્રફુલ પંચાલ એ ફિલ્મ ની બેઝીક માહિતી અને ઈતિહાસ વિશે વાત કરી. જેમાં વિશ્વ ની પ્રથમ ફિલ્મ ની શરૂઆત ક્યાં અને કેવી રીતે થઈ, સાથે ભારતની પ્રથમ ફિલ્મ,પ્રથમ બોલતી ફિલ્મ અને પ્રથમ રંગીન ફિલ્મ વિશે પણ માહિતી આપી. તે સાથે જ ઓનલાઈન-૨ શોર્ટ ફિલ્મ બતાવી અને જણાવ્યુ કે આ શોર્ટ ફિલ્મની દરેક નાની માહિતીને શીખવા અને સમજવા માટે ફિલ્મને વારંવાર બારીકાઈથી જોવી પડે જેથી તેના બધા જ પાસાઓ વિશે જાણી શકાય. વર્કશોપમાં બીજા દિવસે મુંબઈ ના ફિલ્મ ડિરેક્ટર અને રીસર્ચર જેમણે ઝોયા ફેક્ટર, ઈનસાઈડ એજ, ડોંગરી ટુ દુબઈ જેવી ફિલ્મમાં ડિરેક્ટર અને રીસર્ચર તરીકે કામ કર્યું એવા હિરેન ભદાણી જોડાયા. જેમણે ''લડ્ડુ'' નામની શોર્ટ ફિલ્મ દ્વારા જણાવ્યુ કે ફિલ્મ ના અપ્રિસીએશનના બદલે ફિલ્મ ક્રીટીસાઈઝ ના કરીએ તેનું ધ્યાન રાખવું જરૂરી છે. એના સિવાય ફિલ્મ ની વન લાઈનર, કન્સેપ્ટ, એકસીકુશન, એક્ટર હેન્ડલિંગ,



કમરા અંગલ્સ, સિનેમટોગ્રાફી, સ્ટોરી ટેલિંગ ની પધ્ધતિ જેવા મુદ્દાઓ વિશે ચર્ચા થઈ. અંત માં વિદ્યાર્થીઓએ ને ઉદભવેલા પ્રશ્નોનું નિરાકરણ પણ આપ્યું અને સાથે ફિલ્મ અપ્રિસીએશન ક્લાસ ની પૂર્ણાહુતિ થઈ. અંતિમ દિવસે ફાઉન્ડર પ્રફુલ પંચાલ અને કો-ફાઉન્ડર ચિરાગ પારેખ દ્વારા વિદ્યાર્થીઓને ઓનલાઈન સર્ટીફીકેટ આપી પુરસ્કૃત કર્યા. આ ૨ દિવાસીય ફિલ્મ અપ્રિસીએશન ક્લાસ ૧૮ અને ૧૯ એપ્રિલ ૨૦૨૦ ના રોજ યોજાયો હતો જેમાં ગુજરાતનાં અલગ અલગ શહેરોમાથી ૧૫ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા અને ફિલ્મ જોતાં અને સમજતા શીખ્યા. આ વર્કશોપ ફાઉન્ડર પ્રફુલ પંચાલ અને કો-ફાઉન્ડર ચિરાગ પારેખ ના નિર્દેશન હેઠળ મેનેજમેંટ માં ચિરાગ દેશાણી, દીપ પંચાલ, અક્ષત દરજી, શિવમ જાની, મૈત્રી દવે અને નિતિન ધનકાની ના સહયોગથી સફળતા પૂર્વક પૂર્ણ થયો. આગળ થનારા બીજા વર્કશોપની વધુ માહિતી ઈનસ્ટાગ્રામ અને ફેસબુક પર 'ધ અર્થિંગ ગ્રુપ' ના પેજ પરથી મેળવી શકો છો.

**ડાયરેક્ટ ❤ સે**

તમે તમારાથી ખોવાઈ જાય ત્યારે તમને શોધવામાં તમારી જે મદદ કરે તે સાચો મિત્ર...

## જન્મદિને વધામણી



નંદાબેન રમેશભાઈ પરમાર
મો. ૯૯૭૯૦ ૮૨૯૬૨



ભુવનેશ્વર ભાવસાર
મો. ૮૧૬૦૨ ૬૭૫૨૭



અજય રાવલ



ધ્યેય બી રાવલ
મો. ૯૪૦૮૭ ૭૮૫૯૩




વિક્રમભાઈ પુરબીયા
રેડક્રોસ સોસાયટી, ગાંધીનગર
મો. ૮૧૬૦૫ ૫૩૭૦૯



ગૌરવ પટેલ
મો. ૮૮૪૯૫ ૯૫૭૯૩



જપજ્ઞ વિશાલ પંડ્યા
મો. ૯૮૨૪૦ ૫૯૬૩૫

**ઘરમાં રહો સુરક્ષિત રહો**